# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-08-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM GUJ VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ આજે સાંજે શરૂ થશે , તેઓ અમદાવાદના નિકોલમાં સભા કરશે.. આ પ્રવાસ દરમિયાન તેઓ રાજ્યમાં રેલવેના એક હજાર ચારસો કરોડ સહિતના પાંચ હજાર 477 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

(વોઇસ કાસ્ટ – અપર્ણા મેડમ )

. . . . .

# NDPS TASK FORCE

NDPSની ડેડિકેટેડ કાર્યવાહી માટે રાજ્યભરમાં ઝોન વાઇઝ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ANTF યુનિટ્સ દ્વારા સમગ્ર રાજ્યમાં નાર્કોટિક્સ નેટવર્ક સાથે જોડાયેલા ડ્રગ્સ માફિયાઓ, સપ્લાયર્સ અને પેડલર્સ સામે કડક કાર્યવાહી થશે.

આ નવા બનનારા એકમ દ્વારા નોંધાયેલા ગુનાઓની તપાસમાં એકસૂત્રતા જળવાશે, જેનાથી આરોપીઓને કડક સજા અપાવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે. આ એકમમાં એક એસ.પી., ૬ ડીવાયએસપી અને ૧૩ પીઆઇ સહિત કુલ ૧૭૭નું વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે.

આ નવા એકમ માત્ર અને માત્ર NDPS સંબંધિત ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ ઝોનલ માળખું રાજ્યના દરેક ખૂણામાં ડ્રગ્સ નેટવર્કને તોડવામાં મદદ કરશે.

. . . . .

# GUJARAT RAIN

ઉત્તર ગુજરાત સહિતના રાજ્યના અનેક વિસ્તારમાં આજે વરસાદ વરસી રહ્યો છે. 100થી વધુ તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. સાબરકાંઠાના વિજયનગરમાં અઢી ઇંચ વરસાદ પડ્યો છે. જ્યારે મહીસાગરના બાલાસિનોરમાં પણ બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

દરમિયાન આજે બનાસકાંઠા , પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને મોરબીમાં અતિભારે વરસાદની આગાહી છે. ગીર સોમનાથ જિલ્લાના દરિયાકિનારે આજે ઉંચા મોજા ઊછળવાની શક્યતા છે. જેને લઈ ભારતીય રાષ્ટ્રીય દરિયાઇ માહિતી સેવા કેન્દ્ર દ્વારા હાઈવેવ એલર્ટ આપી લોકોને દરિયાની નજીક ન જવા અને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે.

. . .

# GUJARAT DAM

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 84 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેને પગલે રાજ્યના 94 જળાશય હાઇએલર્ટ પર છે , જ્યારે 27 જળાશયને એલર્ટ પર મુકાયા છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા નદી પરનો સરદાર સરોવર બંધ 84 ટકાથી વધુ ભરાયો છે. દરમિયાન તાપી જિલ્લાના ઉકાઈ બંધના ત્રણ દરવાજા ખોલીને 40 હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવ્યું છે. જ્યારે મહેસાણાના ધરોઈ બંધના 8 દરવાજા ખોલી 64 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે.

અત્યાર સુધી પડેલા ભારે વરસાદને કારણે રાજ્યમાં 966 લોકોને બચાવાયા છે જ્યારે 5 હજાર 191 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. બચાવ કામગીરી માટે રાજ્યમાં NDRFની 12 અને SDRF ની 20 ટીમ તહેનાત કરવામાં આવી છે. ભારે વરસાદને પગલે 211 જેટલા માર્ગ બંધ કરવામાં આવ્યા છે.

. . .

# BHAVNAGAR DHANVANTARI

શ્રમિકો માટેની આરોગ્યની કાળજી એટલે 'ધન્વંતરી આરોગ્ય રથ ' સેવાનો નાગરિકોને લાભ મળી રહ્યો છે , જેમાં દર શનિવારે તબીબ કર્મચારીઓ પ્રાથમિક બીમારીઓનું નિદાન તેમજ સારવાર કરે છે . ભાવનગર જિલ્લામાં પણ આ સેવાનો લાભ મળી રહ્યો છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : સુરેશ ત્રિવેદી)

. . . . .

# BJP MEETING

કોબાના કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટીની સેવા પખવાડિયાની ઉજવણી અંગેની એક બેઠક યોજાઇ હતી. ગુજરાતના પ્રભારી રત્નાકર અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલી પ્રદેશ સ્તરની આ બેઠકમાં 17 સપ્ટેમ્બરના પ્રધાનમંત્રીના જન્મદિનથી એક પખવાડિયા માટે સેવા સપ્તાહની ઉજવણી કરવાના આયોજન અંગેની બેઠક યોજાઇ હતી.

. . . .

# DANG CHEQUE

ડાંગ જિલ્લાના કુકડનખી ગામના વરસાદના કારણે છગનભાઇ ચૌધરીના કાચા મકાનને સંપુર્ણ નુકસાન થયું હતું. જેઓને સરકારના કુદરતી આપત્તિના ધારાધોરણ મુજબ 2 લાખ રૂપિયાની સહાયનો ચેક આજે અર્પણ કરાયો. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

. . . . .

# DAK ADALAT

ટપાલ સેવાને લગતા પ્રશ્નોનાં નિરાકરણ માટે અમદાવાદના શાહીબાગ ખાતેની પોસ્ટ માસ્ટર જનરલ અમદાવાદ મુખ્યાલય ક્ષેત્ર, કચેરી ખાતે આગામી 10 સપ્ટેમ્બરે 11 કલાકે ડાક અદાલતનું આયોજન કરાયું છે.

આ અદાલતમા નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરાશે.

અમદાવાદ મુખ્યાલય ક્ષેત્રને લગતી ટપાલ સેવા સંબંધી ડાક અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો શ્રી આર એન ગાંધી , સહાયક નિદેશક , ડાક સેવા(1) , ફરિયાદ વિભાગ, પોસ્ટ માસ્ટર જનરલ , અમદાવાદ મુખ્યાલય ક્ષેત્ર , સ્પીડ પોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદ-380004 ને તારીખ 5 સપ્ટેમ્બર સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલ ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

. . . .